જીગર Jigar Publicity
Industrial Directory Publisher
Laghu Udhyog Bharati (Bharuch District), Jhagadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
www.jigarpublicity.com
jigarpublicity@gmail.com |+91 9998980519



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 09 DATE: 01- 08 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ છઠ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# દીપક કેમ ટેક ૩૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે દહેજ PCPIR માં પ્લાન્ટ સ્થાપશે





ભરૂચ જિલ્લાના દરિયાકિનારે આવેલ વાગરા તાલુકાના પાદરીયા ગામે દીપક કેમટેક લીમીટેડ ૩૫૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. કંપની 450 KTA ફિનોલ, 284 KTA એસિટોન, 260 KTA બિસ્ફેનોલ -A , 175 KTA પોલી કાર્બોનેટ, 267 KTA હાઈડ્રોજિનેશન પ્રોડક્ટ અને 90 MW નો કેપ્ટીવ પાવર પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. પ્લાન્ટની કુલ ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૫૮૮૮૮૯ મેટ્રિક ટન હશે.

અત્યારે ભારતમાં પોલીકાર્બોનેટનું કોઈ ઉત્પાદન થતું નથી. ભારત દર વર્ષે ૩,૦૦,૦૦૦ મેટ્રિક ટન પોલી કાર્બોનેટની આયાત કરે છે. આથી આ પ્લાન્ટ કાર્યરત થતા દેશના કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ બચશે.

આ પ્રોજેક્ટ સ્થાપવાનો અંદાજિત ખર્ચ ૩૫૦૦ કરોડ રૂપિયા થશે. પ્લાન્ટનો કુલ પ્લોટ વિસ્તાર ૬૩૭૩૨૨ ચોરસ મીટર છે. આ પ્લાન્ટ કાર્યરત થતા ૧૫૦૦ જેટલા લોકોને રોજગારી મળવાની સંભાવના છે.

આ પ્લાન્ટની લોક પર્યાવરણ સુનાવણી ૧૬ મી જુલાઈએ યોજાઈ ગઈ. આ લોક પર્યાવરણ સુનવણી ડે. કલેક્ટર એન .એમ . માનાણીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેનું સંચાલન જીપીસીબીના પ્રાદેશિક અધિકારી કે.એમ. વાઘમશી એ કર્યું હતું.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485


# ગુજરાત સરકારના ૯ કલાકના બદલે ૧ ૨ કલાક કામ કરાવી શકવાના આદેશથી કામદાર સંઘો નારાજ

ગુજરાત સરકારે તાજેતરમાં બહાર પડેલ વટહુકમથી ગુજરાતમાં ગરીબ શ્રમિકોને અત્યાર સુધી એક કલાકની રિસેસ સાથે ૯ કલાક કામ કરવુ પડતુ હતુ પણ હવે શ્રમિકોને ફરજિયાત ૧૨ કલાક કામ કરવુ પડશે. ગુજરાત સરકારે ઉદ્યોગપતિ-કારખાનાના માલિકોને રાજી કરવા શ્રમિકોના કામના કલાકોમાં વધારો કરી દીધો છે. મહત્વની વાત તો એ છે કે, શ્રમિકોના કામના કલાકોમાં વધારો કરવા ગુજરાત સરકારે રાતોરાત વટહુકમ કર્યો છે જેના કારણે ટ્રેડ યુનિયનો રોષે ભરાયાં છે.કારખાન-ફેક્ટરી, ઉદ્યોગોમાં ગરીબ શ્રમિકોને ૮ કલાક કામ કરવાનું રોજનું વેતન રૂા.૪૯૭ મળે છે. એક કલાકની રિસેસ સાથે ૯ કલાકની પાળીમાં હજારો શ્રમિકો-કામદારો કામ કરી રહી છે. ગુજરાત સરકારે રાતોરાત વટહુકમ બહાર પાડીને શ્રમિકોના કલાકોમાં વધારો કરી દીધો છે. અત્યાર સુધી શ્રમિકોને ૯ કલાક કામ કરવુ પડતુ હતું તેમાં ત્રણેક કલાકને વધારો કરી દેવાર્યો છે જેથી ૧૨ કલાક ફરજિયાત કામ કરવું પડશે.

રાજ્ય સરકારના આ નિર્ણયને લઈને કામદાર સંગઠનોનો ગુસ્સો સાતમા આસમાને છે. તેમનું કહેવુ છેકે, એવું તો શું થયું કે, ગરીબ કામદારોના કલાકોમાં વધારો કરવા રાતારાત વટહુકમ બહાર પાડવો પડયો. રાતોરાત ફેક્ટરી એક્ટમાં સુધારો કરવા પાછળનું કારણ શું. આ અગાઉ ઉનાળાની આકરી ગરમીમાં હીટસ્ટ્રોકથી બચવા માટે શ્રમિકો માટે જરૂરી પગલાં લેવા સરકારને રજૂઆત કરાઈ હતી ત્યારે સરકારે આ મુદ્દે જરાય સંવેદના દાખવી ન હતી.

આમેય ગુજરાતમાં શ્રમિકો પાસે ૧૨ કલાક કામ કરાવવાનો શિરસ્તો છે પણ તે ને કાયદાનું રૂપ આપવાથી શોષણનો પરવાનો મળી જશે તેવું ઉદ્યોગ કામદાર સંગઠનોનું માનવું છે.

આ કામદારોના સ્વાસ્થ્ય સાથે રમત છે. કામદાર સંગઠનોએ ચીમકી ઉચ્ચારી છે કે સરકાર વટહુકમ પરત નહી ખેંચે તો આંદોલન કરશે.


ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com


# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ તરીકે વિમલ જેઠવાની વરણી





આજ રોજ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની મેનેજીંગ કમિટીના સભ્યોની મિટિંગમાં નવા પ્રમુખ તરીકે વિમલકાંત જેઠવાની નિમણૂંક કરવામાં આવી છે. નવી ઓફિસ બેરરમાં ઉપપ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ તેમજ હસમુખભાઈ પટેલ તેમજ માનદ જનરલ સેક્રેટરી તરીકે નિલેશભાઈ પટેલ, ખજાનચી તરીકે ચંદુભાઈ અકબરી, જોઈન્ટ સેક્રેટરી તરીકે પી. આર . રાવ અને ભારત પટેલની નિમણૂંક થઈ છે. વિમલકાંત જેઠવા અગાઉ સેક્રેટરી તરીકેનો કાર્યભાર સંભાળેલ છે. તેમજ લાયન્સ ક્લબ ઓફ ઈંક્લેશ્વર ઈન્ડસ્ટ્રીઅલ અરિયામાં લાંબા સમયથી સેવાઓ માટેનો બહોળો અનુભવ છે. આ વખતે બહુમતીમાં આવેલી વિકાસ પેનલે સત્તાના સૂત્રો સંભાળ્યા છે.


Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BELA INSTRUMENTS YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## ગુજરાતમાં અચાનક ૧૬૮ જેટલા પુલો બંધ કરતાં ઉદ્યોગોના ટ્રાન્સપોર્ટેશન ઉપર વિપરીત અસર

મહીસાગર નદી ઉપરનો પાદરાથી બોરસદને જોડતો ગંભીરા બ્રીજ નો એક ગાળો તૂટી પડતા અનેક લોકોએ જાન ગુમાવ્યા. આ રોડ સૌથી વ્યસ્ત બ્રીજ માનો એક બ્રીજ હતો. પાદરાથી બોરસદ થઈ સૌરાષ્ટ્ર જવાનો માર્ગ અચાનક બંધ થઈ ગયો. નદીની બંને બાજુ રહેતા લોકો એકબીજાથી આર્થિક અને સામાજિક તાણાવાણાથી જોડાયેલ હતા. તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો. તેથી પણ આગળ વધીને રાજ્ય સરકારે રાજ્યના તમામ પુલનો સર્વે કરાવ્યો. જેમાં ૬૮૦૦ જેટલા પુલોમાંથી ૧૬૮ જેટલા પુલોને બંધ કરવામાં આવ્યા. જે તે પુલને બંધ કરાવતા આસપાસના લોકોને તેમજ ઈન્ડસ્ટ્રીઝને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો. આ પુલોને લઈને ઉદ્યોગો ઉપર સીધી કે આડકતરી રીતે માઠી અસર પડી છે. તેની ગંભીર નોંધ સરકારે લેવી પડે તેમ છે. અચાનક એકસાથે એટલા બધા પુલ બંધ કરવાથી અસર પડે તે સ્વાભાવિક વાત છે. સાથે સાથે એટલા બધા પુલનું ચોમાસાની ઋતુમાં રીપેરીંગ ક્યારે કરવામાં આવશે અને તે ક્યારે ફરી ચાલુ કરવામાં આવશે તે બાબતે લોકોમાં અનેક સવાલો છે.

ગંભીરા બ્રીજ તૂટતાં પાદરાની કંપનીમાં નોકરી કરતા હતા અને નદીને પેલે પાર એટલે કે ઉત્તરબાજુ આણંદ જિલ્લામાં રહેતા હતા તેમના માટે મોટી આફત આવી ગઈ. તેઓ પોતાના વતનથી એટલેકે મૂળ ઘરથી નોકરી ધંધા અર્થે જતા હોવાથી તેમને હવે નોકરી ચાલુ રાખવી હોય તો ૪૦ કિલોમીટર ઉપરતો મોટો ફેરો મારીને જવું પડે. અથવા તો પાદરા બાજુ ભાડાનું મકાન રાખીને રહેવું પડે. જે તેમના માટે આર્થિક રીતે કમરતોડ સાબિત થાય. અત્યારે તો કોઈપણ સેફટીના સાધનો વગર અસલામત રીતે નાવ વ્યવહાર ચાલુ થયો છે. જો કે નાવમાંથી ઉતર્યા પછી કંપની સુધી જવાનો તો પ્રશ્ન જ છે.

ઉદ્યોગોના માલ પરિવહન માટે પણ તે જ તકલીફ ઉભી થઈ. આવી તકલીફ તો અનેક સ્થળોએ ઉભી થઈ. જ્યાં બ્રીજ અચાનક બંધ કરવામાં આવ્યા હતા. ગંભીરા બ્રીજ વિષે તો લોકોએ અને નેતાઓએ અનેક વખત ચેતવણી આપવામાં આવી હોવા છતાં તેને અવગણવામાં આવી. પરિણામ સામે આવી ગયું. તેવું અનેક બ્રીજોનું હતું. હવે સરકાર કોઈ રીસ્ક લેવા નથી માંગતી જેથી તેની ફજેતી થાય. સરકારને ખ્યાલ આવી ગયો છે કે રાજ્યમાં વકરેલા ભ્રષ્ટ્રાચારથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. હવે લોકોને નારાજગીનો વધારે મોકો આપી શકાય નહીં . આથી તેથી પણ આગળ વધીને સરકારે રાજ્યની સરકારી તમામ બિલ્ડિંગોનો સર્વે કરાવવાનું અને યોગ્ય પગલાં લેવાનું નક્કી કર્યું છે. સાથે સાથે નદીમાં બ્રીજના પાયાની આસપાસ રેતી ખનન કરીને સ્ટ્રકચરને નુકસાન ના કરાય તેની પણ તકેદારી રાખવા વહીવટી તંત્રને સૂચના આપી દીધી છે.

આ રીતે બ્રીજ અચાનક બંધ થતા જે રોડ પર ઓછું ભારણ હતું તે રોડ પર અચાનક ટ્રાફિક ભારણ વધી ગયું. પરિણામે ટ્રાફિક જામની સમસ્યા થવા માંડી. ખાસ કરીને અમદાવાદથી વાપી સુધીનો પટ્ટો ઈન્ડસ્ટ્રીયલ ઝોન જેવો છે. તે વિસ્તારમાં હાઈવે ઉપર કામરેજ નજીક તાપી નદી ઉપર બનાવેલ પુલ અચાનક બંધ કરી દેવામાં આવ્યો અને એક્સપ્રેસ વે ઉપર કીમથી ટોલ નાકા સાથે ખોલી નાખવામાં આવ્યો. એટલેકે ટોલ ચૂકવીને લોકોએ જવાનું. વાસ્તવમાં આ પુલ એકદમ ખસ્તાહાલ હતો, લોખંડની પ્લેટો મૂકીને તેના આયુષ્યને લંબાવવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. તેની સ્થિતિ ખૂબ જ ખરાબ હતી. પરંતુ તેને ટાળવામાં આવતો હતો. આ ઘટના પછી તેને તાત્કાલિક સમારકામમાં લઈ લેવામાં આવ્યો. આવા તો અનેક પુલના નસીબ ખુલી ગયા છે.

નર્મદા નદી ઉપર નેશનલ હાઈવે પર એક દશક સુધી ભારે ટ્રાફિક જામની મુશ્કેલી અનુભવી છે. પુલ ભાર ખામી શકશે કે નહીં તેની ચિંતા વચ્ચે નવો બ્રીજ બન્યો ત્યારે સૌને રાહત થઈ.

ઉદ્યોગોને પરિવહન કિંમત વધતા ઉત્પાદન કિંમત વધશે. તેની સીધી અસર ઉદ્યોગોની આર્થિક સ્થિતિ પર પડશે. ગંભીરાનો નવો બ્રીજ બનતા ઓછામાં ઓછો ૨ વર્ષ ઉપરાંતનો સમય તો લાગશે જ, ત્યાં સુધી લોકોના જીવનમાં ઘણા ફેરફાર થઈ ગયા હશે. જેમ અકસ્માત પછી પગે લંગડો થયેલ વ્યક્તિ લાકડાની ઘોડીથી ચાલતા ટેવાઈ જાય છે તેમ લોકો પણ નવી હંગામી વ્યવસ્થાથી ટેવાઈ જાય.

# એપસ્ટીનનું ભૂત હજી ધૂણીને ટ્રમ્પને કનડી રહ્યું છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમયાંતરે કોઈને કોઈ વિવાદમાં આવતા જ રહે છે. હવે તેમનું નામ જેફ્રી એપસ્ટીન નામની વ્યક્તિ સાથેના ઘનિષ્ઠ સંબંધોને પગલે ચર્ચામાં આવ્યું છે. જેફ્રી એપસ્ટીનનું મોત થયે છ વર્ષ થયા છે છતાં તેના નામનું ભૂત હજી ધુણી રહ્યું છે. એપસ્ટીન અને ટ્રમ્પ લગભગ ૧૫ વર્ષ સુધી એકબીજાના મિત્રો હતા. એપસ્ટીન તો ડોનાલ્ડ ટ્રમ્પના લગ્નમાં પણ હાજર રહ્યા હોવાના પુરાવા તાજેતરમાં સામે આવ્યા છે. તેના કારણે પણ ચર્ચાનું ચકડોળ ચાલી રહ્યું છે. વાત એવી છે કે, એપસ્ટીન ઉપર અમેરિકાના એક પ્રાઈવેટ આઈલેન્ડમાં ધનાઢ્ય લોકોને ભેગા કરીને રંગીન અને પ્રાઈવેટ પાર્ટીઓ રાખવાનો દાવો કરાયો છે. ટ્રમ્પ હવે આ પાર્ટીઓમાં જનારા લોકોની યાદી સંતાડી રહ્યા છે. લોકોનો આરોપ છે કે, આ પાર્ટીઓમાં જનારા લોકોમાં ટ્રમ્પનું પણ નામ હોઈ શકે છે અને તેથી જ તેઓ યાદી સંતાડી રહ્યા છે.

જેફરી એપસ્ટીન એક મોટો ઉદ્યોગપતિ છે. તેમનું નામ ન્યૂયોર્ક, ફલોરિડામાં ભવ્ય મકાનો ધરાવવા મુદ્દે પણ ચર્ચામાં હતું. ૨૦૦૫માં ફ્લોરિડા પોલિસ દ્વારા તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે, તેણે ઘણી સગીર છોકરીઓનું જાતીય શોષણ કર્યું હતું. તપાસમાં બહાર પણ આવ્યું હતું કે, ૨૦૦૨થી ૨૦૦૫ દરમિયાન એપસ્ટીન દ્વારા ૧૪ વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓને ઘરે બોલાવીને તેમની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તેના માટે તેમને પૈસા પણ આપ્યા હતા. આ મુદ્દે મોટો વિવાદ થયો હતો અને ૨૦૦૬માં પામ બીચ ગ્રાન જ્યૂરીએ એપસ્ટીન ઉપર વેશ્યાવૃત્તિનો આરોપ મુકીને તેને ૨૦૦૮માં ૧૩ મહિનાની જેલની સજા કરી હતી. તે દરમિયાન પણ તેને વર્ક રિલીઝની સુવિધા આપવામાં આવી હતી. તે જેલમાંથી બહાર આવીને કામ કરી શકતો હતો.

આ મુદ્દો એવો વકર્યો હતો કે સમયાંતરે તેનું ભૂત ધૂણતું જ હતું. ૨૦૧૯માં એપસ્ટીનની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. તે સેક્ટ ટ્રાફિકિંગ કેસમાં ઝડપાયો હતો. જુલાઈ ૨૦૧૯માં ન્યૂયોર્કની જેલમાં તેનું મૃત્યુ થયું હતું. અધિકારિક રીતે તેના મૃત્યુને આત્મહત્યા ગણાવવામાં આવી હતી. બીજી તરફ કેટલાક લોકો માને છે કે, કોઈ ષડયંત્ર કરીને તેની જેલમાં જ હત્યા કરી નાખવામાં આવી હતી. કેટલાક લોકો માને છે કે, એપસ્ટીન સાથે ઘણા પ્રભાવશાળી અને મોટા ગજાના લોકો સંકળાયેલા હતા. એપસ્ટીનના રેકેટમાં તેમને બચાવવા માટે એપસ્ટીનનો ભોગ લઈ લેવાયો હોય તેવું લાગી રહ્યું છે.

એપસ્ટીનના આ વિવાદમાં ટ્રમ્પનું નામ તો છેલ્લાં ચાર દાયકાથી જોડવામાં આવે છે. એવું કહેવાય છે કે, ૧૯૮૦થી ૧૯૯૦ના દાયકામાં ટ્રમ્પ અને એપસ્ટીન સામાજિક રીતે પણ ખૂબ જ નજીક હતા. બંને ન્યૂયોર્ક અને પામ બીચના સોશિયલ સર્કલમાં એકબીજાની સાથે હતા. ટ્રમ્પે ૨૦૦૨માં ન્યૂયોર્ક મેગેઝીનમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં પણ એપસ્ટીનના વખાણ કર્યા હતા. ટ્રમ્પે તે સમયે કહ્યું હતું કે, એપસ્ટીનને યુવાન મહિલાઓમાં વધારે રસ પડે છે.

જાણવા જેવી વાત એ છે કે, ૨૦૨૫માં એકાએક એપસ્ટીનનો મુદ્દો ચર્ચામાં આવી ગયો છે. ઘણી ઘટનાઓ અને ખુલાસાઓ ચર્ચામાં આવતા એપસ્ટીના નામની ચર્ચા ચાલી હતી. જૂન ૨૦૨૫માં ટેસ્લા અને એક્સના માલિક એલન મસ્કે પોતાના જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર પોસ્ટ મુકી હતી કે, એપીસ્ટનની ફાઈલોમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ સંતાયેલું છે. તેના કારણે જ એપસ્ટીનની ફાઈલો જાહેર કરવામાં આવતી નથી. ટ્રમ્પ દ્વારા તાત્કાલિન મસ્કના દાવાને ફગાવી દેવાયો હતો. તેમણે લખ્યું હતું કે, આવું કોઈ ક્લાયન્ટ લિસ્ટ જ નથી.

ત્યારબાદ સ્થિતિ એવી આવી કે જુલાઈ ૨૦૨૫ની શરૂઆતમાં ડોજ અને એફબીઆઈએ જણાવ્યું કે, એપસ્ટીન દ્વારા જેલમાં આત્મહત્યા કરવામાં આવી હતી અને તેની પાસેથી કોઈ ક્લાયન્ટ લિસ્ટ મળ્યા જ નથી. આવી કોઈ યાદી ઉપલબ્ધ જ નથી. એફબીઆઈના આ દાવા બાદ લોકોએ સવાલો કરવાનું શરૂ કર્યું. ટ્રમ્પના સમર્થકો દ્વારા પણ આ મુદ્દે ટ્રમ્પનો વિરોધ કરવાની શરૂઆત કરવામાં આવી. કેટલાક લોકો દાવો કરી રહ્યા છે કે, એપસ્ટીનની ફાઈલમાં મોટા મોટા લોકોના નામ છે. ખાસ કરીને રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ, સેલેબ્સ અને અન્ય ધનકુબેરોના નામ છે. લોકો દાવો કરે છે કે, એપસ્ટીન દ્વારા પ્રાઈવેટ આઈલેન્ડ ઉપર આ તમામ લોકોને સગીર છોકરીઓની સપ્લાય કરવામાં આવતી હતી.

તાજેતરમાં લોકો દ્વારા જે રીતે એપસ્ટીન મુદ્દે વિરોધ અને વિવાદ ઊભો કરવામાં આવ્યો છે તે ટ્રમ્પ માટે મુશ્કેલીનું કારણ બન્યો છે. આ મુદ્દે રાજકીય રોટલા પણ શેકાવા લાગ્યા છે. ટ્રમ્પ અને એપસ્ટીનની મિત્રતા ઘણી જૂની છે. તે દાયકાની ટ્રમ્પ અને એપસ્ટીનની તસવીરો તથા ૨૦૦૨માં ટ્રમ્પે ઈન્ટરવ્યૂ દરમિયાન એપસ્ટીન માટે કહેલી વાતો ફરતી થયા બાદ ટ્રમ્પની લોકો હાંસી ઉડાવી રહ્યા છે. બીજો વિવાદ ટ્રમ્પની વાતોનો છે. તેણે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મને અને એપસ્ટીનને સુંદર મહિલાઓ ગમે છે. જો કે તેની પાસે નાની ઉંમરની સ્ત્રીઓ વધારે હોય છે. તે ખૂબ જ રસપ્રદ વ્યક્તિ છે.

અહીંયા સમજવા જેવી વાત એ છે કે, તાજેતરમાં જ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા એપસ્ટીનના ફલાઈટ લોગ્સ જારી કરવામાં આવ્યા હતા. તેમાં ટ્રમ્પનું નામ સાત વખત આવ્યું હતું. ૧૯૯૩ અને ૧૯૯૪માં તેમની તત્કાલિન પત્ની મેપલ્સ અને પુત્રી ટિફની સાથે એપસ્ટીનની ઉડાણ જોવા મળી હતી. આ લોગ્સ કોઈ ગુનો સાબિત કરતા નથી પણ તેનાથી એપસ્ટીન અને ટ્રમ્પના નજીકના સંબંધો તો સાબિત થાય છે. કેટલાક લોકો દ્વારા એપસ્ટીન મુદ્દે ટ્રમ્પને વાત પણ કરવામાં આવી હતી.

નવાઈની વાત એ છે કે, કેટલાક પીડિતોએ ન્યાય માગ્યો છે પણ ટ્રમ્પ દ્વારા આ મુદ્દે કશું જ કહેવાતું નથી. તેમાંય જેન નામની એક પીડિતે જણાવ્યું કે, ૧૯૯૦ના દાયકામાં એપસ્ટીન દ્વારા માર-એ-લાગો ખાતે ટ્રમ્પ સાથે તેની મુલાકાત કરાવવામાં આવી હતી. ૨૦૧૯માં એપસ્ટીનની ધરપકડ બાદ ટ્રમ્પે કહ્યું હતું કે, તે એપસ્ટીનના ચાહક નથી. ટ્રમ્પ એપસ્ટીનના મુદ્દાને રાજકીય કાવતરું ગણાવી રહ્યા છે.

ટ્રમ્પના કેટલાક સમર્થકો માને છે કે, ટ્રમ્પ આ મુદ્દે જાણી જોઈને જુઠ્ઠાણું ચલાવી રહ્યા છે અને યાદી સંતાડી રહ્યા છે. ૨૦૨૫માં જ તેમની એટર્ની જનરલ પામ બોન્ડીએ કેટલાક દસ્તાવેજો જારી કર્યા હતા. આ દસ્તાવેજો જૂના જ દસ્તાવેજોને મેળ ખાતા હતા. લોકો સ્પષ્ટપણે માને છે કે, ટ્રમ્પ દ્વારા અથવા તો તેના ઈશારે તેના તંત્ર દ્વારા એપસ્ટીનની ફાઈલો દબાવી રાખવામાં આવી છે. કેટલાક મોટા માથાઓને બચાવવા માટે આ યાદી જાહેર કરવામાં આવી રહી નથી. થોડા સમય પહેલાં મસ્કે કરેલા દાવા બાદ વિવાદ વધ્યો છે. હવે જોવાનું એ રહ્યું કે, એપીસ્ટનનો મુદ્દે લાંબું ચાલે છે કે પછી તેના ઉપર ઠંડું પાણી રેડી દેવાય છે.

-૯૦ના દાયકમાં ટ્રમ્પ અને એપીસ્ટન સાથે જ ફરતા જોવા મળતા હતા

જાણકારોના મતે ૮૦ના દાયકાના ઉત્તરાર્ધમાં અને ૯૦ના દાયકામાં ટ્રમ્પ અને એપસ્ટીન વચ્ચે ખૂબ જ ગાઢ મિત્રતા હતા. ૧૯૯૨માં ટ્રમ્પ પોતાના ફ્લોરિડા ખાતેના માર-એ-લાગો એસ્ટેટમાં એનએફએલ ચીયરલીડર્સ સાથે એક રંગીન પાર્ટીનું આયોજન કર્યું હતું.

આ પાર્ટીના જ ફૂટેજ સામે આવ્યા છે તેમાં ટ્રમ્પ અને એપસ્ટીનની મોજમસ્તી કરતા જોવામાં આવ્યા છે. આ સિવાય ૧૯૯૭માં ટ્રમ્પ અને એપસ્ટીન ન્યૂયોર્કમાં વિક્ટોરિયા સીક્રેટ એંજલ્સ પાર્ટીમાં પણ સાથે જ જોવા મળ્યા હતા.

વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ પ્રમાણે ૨૦૦૩માં ટ્રમ્પે એપસ્ટીનના જન્મદિવસે શુભેચ્છા આપતો એક પત્ર લખ્યો હતો. તેમાં એક નગ્ન મહિલાનો સ્કેચ અને બંને વચ્ચે રહેલા રહસ્યોની વાત કરવામાં આવી હતી. ૧૯૯૩થી ૧૯૯૭ સુધી ટ્રમ્પે એપસ્ટીનના ખાનગી વિમાનમાં સાત વખત ઉડાણ ભરી હતી. તેઓ ખૂબ જ સારા મિત્રો હતા. ટ્રમ્પનો દાવો છે કે, તેઓ માત્ર મિત્ર હતા.

એપસ્ટીન ક્યારેય કોઈ ખાટી કામગીરીમાં સંડોવાયેલો નહોતો. બીજી તરફ ઈલોન મસ્કે એક્સ ઉપર એખ ગુગલી નાખી અને ટ્રમ્પ તેમાં અટવાઈ ગયા તેવું પણ બન્યું છે. સૂત્રોનું માનવું છે કે, આ એક એવો મુદ્દો છે જે અત્યારે તો ચર્ચામાં છે પણ આવનારા સમયમાં પણ ચર્ચામાં આવતો રહેશે.

આ મુદ્દે સમયાંતરે કોઈને કોઈ સવાલો કરતું જ રહેવાનું છે. તેમાંય તાજેતરમાં અખબારી માધ્યમોમાં કેટલીક તસવીરો ફરતી થઈ છે જેમાં સ્પષ્ટ જણાય છે કે, ૧૯૯૩માં ટ્રમ્પે માર્લા મેપલ સાથે લગ્ન કર્યા ત્યારે એપસ્ટીને તેમાં હાજરી આપી હતી. હવે આ તસવીરોના કારણે વિવાદ વધારે મોટું સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહીં.

## પોરબંદર GPCB કચેરીમાં નાયબ ઈજનેર સવા લાખની લાંચ લેતા પકડાઈ ગયા

પોરબંદર જીપીસીબીની કચેરીમાં નાયબ પર્યાવરણ ઈજનેર કુતિયાણાની સુદામા ડેરી ના પ્લાન્ટમાં ગમે તે પ્રકારની ખામી કાઢીને બંધ કરાવી દેવાની ધમકી આપી માસિક ૨૫ હજાર લેખે સવા લાખ રૂપિયાની લાંચ માંગતા એસીબી ના છટકામાં પકડાઈ જતા ચકચાર મચી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પોરબંદર જિલ્લાના નાયબ પર્યાવરણ ઈજનેર વર્ગ-૨ રાજેશ વિઠ્ઠલ ચૌહાણ (ઉ.વ. ૫૫) એ કુતિયાણા ની સુદામા ડેરીના પ્લાન્ટમાં કોઈ પણ પ્રકારની ખામી ન કાઢવા માટે લાંચની માંગણી કરી હતી અને પ્લાન્ટમાં કોઈપણ પ્રકારની ખામી ન કાઢવા માટે દર મહિને પચીસ હજાર રૂપિયા લાંચ પેટે આપવા પડશે અન્યથા ગમે તે પ્રકારની ખામી કાઢીને પ્લાન્ટ બંધ કરાવી દેવાની ધમકી પણ આપી હતી અને રૂપિયા ૨૫ હજાર લેખે પાંચ મહિનાના સવા લાખની લાંચ ની માંગણી કરી હતી.આથી ફરીયાદીએ એન્ટી કરપ્શન બ્યુરો ની કચેરીનો સંપર્ક કરતા એસીબી કચેરી દ્વારા લાંચનું છટકું ગોઠવ્યું હતું અને તારીખ ૩૦ મી જુલાઈ રોજ લાંચની માંગણીની સવા લાખ રૂપિયાની રકમ માધવાણી કોલેજ સામે આવેલી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી ખાતે આપવા જણાવતાં ફરિયાદીએ એ.સી.બી.ના માર્ગદર્શન મુજબ રાજેશ સાથે હેતુલક્ષી વાતચીત કરી અને લાંચની રકમ આપી હતી અને રાજેશ સ્વીકારતો હતો ત્યારે જ એસીબી ટીમ ત્રાટકી હતી અને તેને રંગેહાથ ઝડપી લીધો હતો આ કામગીરીમાં સુપરવિઝન અધિકારી તરીકે જૂનાગઢ એ.સી.બી. એકમના ઈન્ચાર્જ મદદનીશ નિયામક બી.એમ. પટેલ રહ્યા હતા.

# સિલોક્સ ઈન્ડિયા દ્વારા પાદરાતાલુકાની 250 આંગણવાડી બહેનો માટે સલામતી તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયુ







સિલોક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તેમના કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (CSR)ના ભાગરૂપે આરોગ્ય, સલામતી જાગૃતિ અને સમુદાય કલ્યાણ માટે વિશિષ્ટ સુરક્ષા તાલીમ કાર્યક્રમનું આયોજન પાદરા તાલુકા પંચાયત હોલ ખાતે તારીખ ૨૩ મી જુલાઈએ કરવામાં આવ્યું હતું.

પાદરા તાલુકાની ૨૬૧ આંગણવાડીઓ માંથી અંદાજે ૨૫૦ આંગણવાડી બહેનો અને સુપરવાઈઝર બહેઓએ તાલીમમાં ભાગ લીધો હતો તેનો લાભ લીધો હતો.

આ તાલીમમાં અચાનક આગ લાગે તો શું કરવું, સેફ્ટી અને આગ બુજાવવાના સાધનો તો હોય પરંતુ તેનો ઉપયોગ કઈ રીતે કરવો તેનું જ્ઞાન ન હોવાને લઈને તે નાકમાં સાબિત થાય છે અને ભારે નુકશાનનો સામનો કરવો પડે છે. આથી હયાત સેફટીના સાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો તે તાલીમનો મુખ્ય ઉદ્દેશ હતો. આ બાબતની જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ હતો.

આ ઉપરાંત નાનામોટા અકસ્માતમાં પ્રથિક સારવાર બહુ અગત્યની સાબિત થાય છે. આથી ક્યારે કેવી પ્રાથમિક સારવાર અપાવી તેના વિષે પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. તેમજ કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન (CPR) વિષે પણ માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત ખોરાક બનાવતી વખતે (રાંધતી) વખતે સ્વચ્છતા જાળવવી અને સલામત પદ્ધતિઓ અપનાવવી તે વિષે માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ SILOX India ના EHS વિભાગના ચેતન જોશી અને કમલેશરાય તેમજ શશી કેટરિંગ સર્વિસના હેત્વી શાહ દ્વારા આપવામાં આવી હતી.

# ભારત સરકારે બિનકાર્યરત ૯૧૧૭૯ કંપનીને રેકર્ડમાંથી હટાવી દીધી

ભારત સરકાર નોન-ઓપરેશનલ એટલેકે બિન કાર્યરત કંપનીનું રજીસ્ટ્રેશન રદ કરવા માટે શરૂ કરેલા ચોથા અભિયાનમાં દેશમાંથી ૯૧,૧૭૯ કંપનીઓને રેકર્ડ ઉપરથી હટાવી દેવામાં આવી છે. જેમાં ગુજરાતમાં નોંધાયેલી પરંતુ, કાગળ ઉપર દેખાતી ૩,૪૮૧ કંપનીઓનો પણ સમાવેશ સમાવેશ થાય છે. આ કંપનીઓ કંપની અધિનિયમ- ૨૦૧૩ હેઠળ નિયત સ્વરૂપમાં હિસાબ, રિટર્ન અને રજિસ્ટર નિભાવતી નહોતી. જેના પરિણામે તેમના રોકાણ કર્તાઓને નુકશાન થાય તે પહેલા જ ભારત સરકારના કોર્પોરેટ મંત્રાલયે તેનું રદ્દીકરણ કર્યાનુ રાજ્યસભામાંથી જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં કંપની અધિનિયમ-૨૦૧૩ના ઉલ્લંઘન સબબ ૩,૪૮૧ કંપનીઓના રજિસ્ટ્રેશન રદ કરવા ઉપરાંત રાજ્યના અર્થતંત્રમાં સૌથી વધારે રોજગારી આપતા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના- MSME સેક્ટરને પણ કોવિડ-૧૯ની મહામારી પછી સૌથી મોટો ફટકો પડયો છે. આ અંગે કેન્દ્ર સરકારના MSME મંત્રાલયે આપેલા એક જવાબમાં કહેવાયુ છે કે, વૈશ્વિક મંદીના સમયગાળામાં અર્થાત ૧લી જૂલાઈ ૨૦૨૦થી ૧૫મી જૂલાઈ ૨૦૨૫ સુધીના પાંચેક વર્ષોમાં ગુજરાતમાંથી ૮,૭૭૯ MSME કંપનીઓ બંધ પડી છે. જો કે વૈશ્વિક મંદીના આ સમયમાં MSME સેક્ટરને ટકાવી રાખવા ભારત સરકારે રૂપિયા પાંચ લાખ કરોડની આકસ્મિક ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમની શરૂઆત કરી હતી. છતાંયે ગુજરાતમાં MSME સેક્ટરને આંધ્રપ્રદેશના સાપેક્ષમાં મોટો ફટકો પડયો છે. આંધ્રપ્રદેશમાં આ સમયગાળામાં MSME સેક્ટરની ૨,૮૯૨ કંપનીઓ બંધ પડી છે. જો કે, ઉપરોક્ત સમયાવધિમાં આ બંને રાજયોમાં અનુક્રમે ગુજરાતમાં ૩૭,૫૬,૩૯૦ અને આંધ્રપ્રદેશમાં ૩૩,૭૮,૧૦૯ MSME એકમોનું નવુ રજીસ્ટ્રેશન થયુ છે.

કોવિડ-૧૯ની મહામારી બાદ ભારતમાં ભારતીય કંપનીઓ સ્વનિર્ભરબને તે ઉદ્દેશ્યથી કોવિડ ૧૯મી મહામારી વખતથી શરૂ કરેલા 'આત્મનિર્ભર ભારત પેકેજ'માં ગુજરાતની ૨૯,૭૩૨ કંપનીઓએ પોતાનું યોગદાન નોંધાવ્યુ છે. વિતેલા ત્રણ નાણાકિય વર્ષમાં ભારતમાં આ પેકેજ હેઠળ ૫.૨૫,૭૫૮ કંપનીઓનુ રજિસ્ટ્રેશન થયુ છે. જેમાં સૌથી વધુ કંપનીઓ મહારાષ્ટ્રમાંથી નોંધાઈ છે. મહારાષ્ટ્રમાં ૯૩,૩૦૪ કંપનીઓ ઉપરાંત, કર્ણાટકમાં ૪૦,૫૦૩, ઉત્તરપ્રદેશમાંથી ૫૭,૫૬૩ અને હરિયાણા જેવા કૃષિ આધારિત અર્થતંત્ર ધરાવતા રાજયમાંથી પણ ૨૬,૫૩૮ કંપનીઓનું રજિસ્ટ્રેશન થયુ છે.

# NGT ને વેસ્ટ વોટર મેનેજમેન્ટના કામનો રિપોર્ટ રજૂ કરવામાં ગુજરાત વિફળ

ગુજરાત સહિત દેશભરના રાજ્યોને ઘન અને પ્રવાહી કચરાનો યોગ્ય નિકાલની કામગીરી કરવા માટે અમલી બનાવાયેલા કાયદાઓની દેખરેખની કામગીરી કરતા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT) સમક્ષ છ માસનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં ગુજરાત નિષ્ફળ ગયું છે. આથી NGT મુખ્ય સચિવેં આ રિપોર્ટ આગામી ચાર સપ્તાહમાં તૈયાર કરીને સુપ્રત કરવાનો સમય આપ્યો છે.

સ્વચ્છ ભારત અભિયાન હેઠળ દરેક રાજ્યો દ્વારા પંચાયતથી લઈને મહાનગરો સુધીના રોજેરોજ એકત્રિત થતા ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટે વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ શરૂ કરવામાં આવી છે. એમ છતાં આ દિશામાં નક્કર અને અસરકારક કામગીરી કરવામાં ચૂક રહી જાય છે. આવા કચરાનો યોગ્ય રીતે નિકાલ થતો ન હોવાના વારંવાર ગંભીર કિસ્સા બહાર આવે છે. એમાં હાલ ચોમાસાની સીઝનમાં પ્રદૂષિત પ્રવાહી કચરો વરસાદી પાણીમાં વહેવડાવી દેવાની ઘટના બને છે. દરેક સ્તરે આવી કચરાના નિકાલના મોનિટરિંગ માટે સિસ્ટમ ગોઠવવામાં આવી છે. આ સિસ્ટમ મારફતે રિપોર્ટ તૈયાર કરીને NGT ને સુપરત કરવાનો હોય છે.

સોમવારે નવી દિલ્હીમાં NGT ચેરપર્સન જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવની બેંચે નોંધ્યું હતું કે, ગુજરાતે ઓક્ટોબર ૨૦૨૪ પછી તેનો પ્રોગ્રેસ રિપોર્ટ સુપરત કર્યો નથી. જોકે, આ સંદર્ભમાં ગુજરાતના મુખ્ય સચિવ દ્વારા કરાયેલી વિનંતીને ધ્યાનમાં રાખીને ચાર સપ્તાહનો સમય વધારી આપવામાં આવ્યો છે.

ગયા વર્ષે NGTએ સુપ્રીમ કોર્ટના નિર્દેશ ના આધારે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી છે તેને લગતો વિસ્તૃત રિપોર્ટ ગુજરાત પાસેથી માંગ્યો હતો.

રાજ્યમાં કેટલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વધારે બનાવાયા છે અને તેની ક્ષમતા, કામગીરીની વિગતો પણ તેમાં સમાવવા જણાવાયું હતું.

સુપ્રીમ કોર્ટે દેશભરમાં ઘન અને પ્રવાહી કચરાના મેનેજમેન્ટ ને લગતા કેસની સુનાવણી NGT ને કરવાની સૂચના આપી છે. ગુજરાતના રિપોર્ટ અંગેની સુનાવણી હવે આગામી ૧ લઈ સપ્ટેમ્બરના રોજ NGT ખાતે હાથ ધરવામાં આવશે.

# ગુજરાતના ફાર્મા એમએસએમઈમાં નવા નિયમ મુજબ અપગ્રેડેશન માટે સબસિડી વધારવા માગ કરાઈ

વડોદરા ખાતે તારીખ ૧૬ મી એ એન્હાન્સિંગ ફાર્માસ્યુટિકલ્સ ક્વોલિટી એશ્યુરન્સ થ્રુ ગુડ મેન્યુફેક્ચરિંગપ્રેક્ટિસીસ અંગે નેશનલકોન્ફરન્સ યોજાઈ ગઈ.જેમાંમધ્યગુજરાતના એમએસએમએઈના પ્રતિનિધિઓએ પોતાના પ્રશ્નને વાચા આપી હતી. ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ્સ એસોસિએશન વડોદરા, પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ ઓફ ઈન્ડિયા તથા વડોદરા ફાર્મા એસોસિએશન યોજિત આ કોન્ફરન્સમાં નાના એકમો માટે રિવેટ ફાર્મા ટેકનોલોજી અપગ્રેડેશન આસિસ્ટન્ટ (આરપીટીયુએએસ) સ્કીમની માહિતી આપવામાં આવી હતી. જેમાં રૂપિયા ૧ કરોડથી રૂપિયા ૫૦ કરોડના રોકાણવાળા એકમો જો સુવિધા વધારવા માટે ખર્ચ કરે તો ૨૦ ટકા સબસિડી, રૂપિયા ૫૦ કરોડથી ૨૫૦ કરોડના એકમોને ૧૫ ટકા અને રૂપિયા ૨૫૦ થી રૂપિયા ૫૦૦ કરોડના એકમોને ૧૦ ટકા સબસિડીનો સમાવેશ થાય છે.

આ સ્કીમમાં એકમોએ સેલ્ફ એસેસમેન્ટ કરીને સીડીએસ ને ઓનલાઇન અરજી કરવાની હોય છે. એકમ જે ખર્ચ કરે તે માટે પણ બેંક લોનની જોગવાઈ સરકારે કરી છે.જો કે રૂપિયા ૫૦ કરોડના ટર્ન ઓવર ધરવનાર એકમને શિડ્યુલ એમ નિયમનની પૂર્તતા કરવા માટે રૂપિયા ૫ કરોડનો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ છે. જ્યારે મોટા એકમોને રૂપિયા ૧૦ કરોડથી રૂપિયા ૧૫ કરોડનો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ છે.એક તરફ દેશમાં ડીપાર્ટમેન્ટ ઓફ ફાર્માક્યુટીક્લ કાઉંસિલ દ્વારા કડક ભાવ નિર્ધારણ કરાય છે. મોટાતે થી.આ સંજોગોમાં સરકાર આ યોજના ની મુદત વધારવી અને સબસિડીની રકમ પણ વધારવી જોઈએ.

ગુજરાતમાં ટકા એમએસએમઈ દ્વારા તેમના એકમમાં કઈ ત્રુટી છે તે પુરી કરી શકાઈ નથી. દેશમાં જૂન માસ સુધીમાં આ અંગેનું વિશ્લેષણ ૬૦ ટકા એકમો કરી શક્યા નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ માટે માપદંડો જાહેર કર્યા છે. જે મુજબ સુવિધા વધારવા માટે સરકારની સબસિડી યોજના અને સમય મર્યાદામાં વધારો કરવો જોઈએ તેવી માગણી એમએસએમઈ દ્વારા કરાઈ છે. વિશ્વના સૌથી મોટા જેનરિક દવાના પુરવઠાકાર ભારત દ્વારા ૨૦ ટકા જેનરિક દવા પુરી પાડવામાં ગુજરાતનો મહત્વનો હિસ્સો છે.વડોદરા ફાર્મા એસોસિએશનના પ્રમુખ ભારત દેસાઈએ જણાવ્યું હતું કે રિવાઈસ શિડ્યુલ એમ હેઠળ કંપનીઓમાં જે પ્રકારના ફેરફારો કરવાના છે તે ખર્ચાળ અને સમય માંગી લે તેવા છે. એમએસએમઈ દવા કંપનીઓને તેના માટે હજુ વધારે સમયની જરૂર છે. તેમજ આ ધારાધોરણો લાગુ કરવા માટે કંપનીઓ દ્વારા લેવાતી લોન ઉપર સરકાર દ્વારા જે સબસીડી આપવામાં આવે છે તે ખુબજ ઓછી છે.સરકારે સબસિડીની રકમમાં વધારો કરવો જોઈએ.

આ કોન્ફરન્સમાં વડોદરા ફાર્મા અસોસિએશનનાપ્રમુખ ભરત દેસાઈ, ઈન્ડિયન ફાર્મા અસોસિએશનનાપ્રેસિડેન્ટ જિજ્ઞાસા ઓઝા, પીએચડી સીસી આઈના ડૉ. નાસિર, એફડીસીએના આસી. કમિશનર ડો.અરવિંદ ઝાલા, સીડીએસસીઓના શશી પોલેએ વિવિધ માહિતી આપી હતી.

# વાત્રકના તટમાં રઢુ ખાતે ઉદ્યોગોનો ૧૦ મેટ્રિક ટન હેઝાર્ડસ કેમિકલ વેસ્ટ દાટવામાં આવ્યો હોવાની માહિતી

ખેડા તાલુકાના રઢું ગામની સીમમાં વાત્રક નદીના કિનારે ખુલ્લી જગ્યામાં જોખમી કચરો ગેરકાયદે નાખવામાં આવતો હોવાનું જીપીસીબીના પ્રાદેશિક અધિકારીને માહિતી મળતા આ બાબતે આવા કચરાનો નિકાલ કરનાર અજાણ્યા વ્યક્તિ સામે પોલીસમાં ફરિયાદ આપી છે.

જીપીસીબી નડીયાદના પ્રાદેશિક અધિકારી વી.એમ.પન્હાલાકર ને આ અંગે મળતી માહિતી મળી હતી કે ખેડા તાલુકાના રઢુ ગામ પાસેથી પસાર થતી વાત્રક નદીના કિનારે પ્લાસ્ટિક બેગમાં જોખમી કચરો બિનઅધિકૃત રીતે નાખવામાં આવે છે. બાદમાં સ્ટાફના એમ.જે. શાહ (વૈજ્ઞાનિક અધિકારી) અને અજીતસિંહ વાઘેલા, સરપંચ સાથે રાખીને તપાસ હાથ ધરી હતી. સરપંચે અધિકારીઓને એવી માહિતી આપી. હતી કે આ જોખમી કચરો આશરે ૦૮/૦૬/૨૦૨૫ની રાત્રે અનધિકૃત રીતે આ જગ્યા પર ઠાલવીને દાટી દેવામાં આવ્યો છે. આશરે ૫ થી ૧૦ મેટ્રિક ટન હોવાનો અંદાજ છે.


આ તપાસ દરમિયાન આ જોખમી કચરા નો જથ્થો ડાઈઝ ઉદ્યોગ કંપનીનો હોય અને ઉદ્યોગ કંપની દ્વારા આ જોખમી કચરાનો નિયમોનુસાર નિકાલ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત એવી એજન્સી પૈકી ગમે તે એક એજન્સીમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી પર્યાવરણ સુરક્ષિત રીતે નાશ/નિકાલ કરવાનો હોય છે. છતાં ઉદ્યોગ કંપનીએ તેનો ખર્ચ બચાવવાના બદઈરાદા થી અને ગેરકાયદેસર નિકાલ કરી પૈસા બચાવવાના હેતુસર અહીંયા કચરો નાખી દીધો હોવાની શક્યતા તેજ બની છે. જેથી જિલ્લા પર્યાવરણ અધિકારી વી.એમ. પન્હાલાકર સહિતનાઓ દ્વારા માનવ જીવનને નુકસાનકારક જોખમી કચરો બેદરકારી અને ગેરકાયદેસર રીતે નિકાલ કરવા માટે મોકલનાર ઉદ્યોગ તેમજ આ ઉધોગના સંચાલન માટે જવાબદાર વ્યક્તિ, આ ઉદ્યોગના માલિક/ડાયરેક્ટર, આ જોખમી ઘન કચરો કોઈપણ જાતની કાયદેસરની પરવાનગી વગર સદંતર ગેરકાયદેસર રીતે વહન કરનાર ટ્રાન્સપોર્ટર, આ

વાહનના સંચાલકો, તથા આ કૃત્યમાં સંડોવાયેલ અને નામી -અનામી તમામ ઈસમો વિરુદ્ધ ખેડા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩૨૦૨૩ની કલમ-૫૪, ૨૭૯, ૨૮૦, ૨૮૬, ૧૨૫ મુજબ તથા પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૬ ની કલમ -૭, ૮ અને પર્યાવરણ (સંરક્ષણ) નિયમોના ભંગ બદલ પર્યાવરણ (સંરક્ષણ) ધારાની કલમ -૧૫(૧) મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નોટિફાઈડે લોકોને રખડતા ઢોરના ત્રાસમાંથી બચવા અન્ન અને પાણી પુરવઠો કાપી નાખવાની અપીલ કરી

અંકલેશ્વર એસ્ટેટના રહેણાંક વિસ્તારમાં રખડતા ઢોરના ત્રાસે માઝા મૂકી છે. લોકોની અનેક ફરિયાદો પછી નોટીફાઈડ એરિયા ઑથોરિટી હરકતમાં આવી. દર વખતની જેમ ઢોર પકડવાનો કોન્ટ્રાક્ટ આપ્યો અને કાર્યવિધિ કરી. પરિણામ શું આવવાનું હતું તે સૌને અને નોટિફાઈડના પદાધિકારીઓને ખબર હતી. સ્થિતી જૈસે થે જેવી બની ગઈ. ફરી રખડતા ઢોર અનેક જગ્યાએ દેખાવા માંડ્યા. જો કે આ પ્રશ્ન સમગ્ર દેશનો છે. છતાં હમણાં અમદાવાદ જવાનું થયું. કેટલાક વિસ્તારોને રખડતા ઢોર મુક્ત કરવામાં સફળતા મળી છે. તે માટે કડક અભિગમ અપાવાવવો જરૂરી છે.

હવે, આ વણઉકલ્યા પ્રશ્નના ઉકેલ માટે નોટીફાઈડ તરફથી બોલ પ્રજાની કોટ માં મોકલવામાં આવ્યો છે. જો કે અભિગમ સાચો છે. જો લોકો પ્રશ્નો ઉકેલ ઝંખતા હોય તો તેનો અમલ કરવો પણ જરૂરી છે. રખડતા ઢોરને પીવા


CHAIRMAN
BOARD OF MANAGEMENT
NOTIFIED AREA AUTHORITY
Plot No. 618, 619, AIA Community Centre,
GIDC, Ankleshwar - 393 002.
☎ : (02646) 253094, 222487 Fax : 251750

અધ્યક્ષશ્રી ની કચેરી
સંચાલક મંડળ
નિર્દિષ્ટ વિસ્તાર

Ref. No. : N.T.A./ANK/ 05
Date : 22 JUL 2025

// જાહેર નોટીસ //

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અંકલેશ્વર વસાહતમાં રખડતા ઢોરના ત્રાસને અટકાવવા, અકસ્માત જેવા બનાવોને નિવારવા, તેમજ માનવો ઉપર રખડતા ઢોર દ્વારા થતા હુમલાના નિવારણ માટે ઘરની બહાર પીવાના પાણીના કુંડ બનાવેલ હોય તો તેને તાત્કાલિક અસરથી દુર કરવા, તેમજ ઘરની બહાર ખાવા પીવાની વસ્તુઓ ન મુકવા, આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે. જેથી વસાહતમાં રખડતા ઢોરોના ત્રાસને અટકાવવા સહભાગી થવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે જેમને પણ ગાયોને ખાવા પીવાની વસ્તુ આપવાની ઈચ્છા હોય તેમણે જીઆઈડીસી વિસ્તારની બહાર જઈ આવું કાર્ય કરવા જણાવવામાં આવે છે. જેથી વસાહતને રખડતા ઢોરોના ત્રાસથી મુક્ત કરી શકાય.

અધ્યક્ષ,
નિર્દિષ્ટ વિસ્તાર સંચાલક મંડળ,
જીઆઈડીસી, અંકલેશ્વર.

છે તે તાત્કાલિક અસરથી દૂર કરવા. ખાવાની વાનગી અપાવી નહી. એટલેકે જેના માટે રખડતા પશુ આવે છે તે કારણ જ નાબૂદ કરી દેવું. હસવું છે અને લોટ ફાકવો છે તે બે કામ સાથે ના થઇ શકે. દરેક સોસાયટી અને ફ્લેટે આ જવાબદારી લેવી જોઈએ. એક બાજુ રખડતા ઢોરને પ્રોત્સાહન આપવું અને બીજી બાજુ ફરિયાદ પણ કરાવી બંને કામ સાથે ના થઇ શકે.

તેનો ઉકેલ પણ આપેલ છે. જેમને પાણી પીવડાવવું હોય અને ખાવાનું આપવું હોય તે જીઆઇડીસી વિસ્તારની બહાર જઈને આપી શકે છે. એસ્ટેટમાં વિવિધ કામો માટે ઝજીઇ ફંડ લઇ સેવા કરવાવાળીઓનો રાફડો ફાટ્યો છે. જાત જાતની સેવાઓના દાવા કરાય છે. આ સેવા કાર્ય માટે સંસ્થાઓએ આગળ આવવું જોઈએ. ત્યારે ખબર પડે કે તેઓ સાચી ભાવનાથી સેવા કરવા માંગે છે કે પછી ઝજીઇ ફંડના આંકડાઓમાં રસ છે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet

• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# ગુજરાત સરકાર ઔદ્યોગિક અને શહેરી ક્ષેત્રમાં ફોજદારી કાર્યવાહીને ટાળવા ૧૦ કાયદામાં બદલાવ કરવા જઈ રહી છે

ભારત સરકારે વર્ષ ૨૦૨૩માં પસાર કરેલા જન વિશ્વાસ કાયદાથી પ્રેરાઈને ગુજરાત સરકારે પણ રાજ્યનાઔદ્યોગિક, સર્વિસ અને શહેરી વ્યવસ્થા સંચાલન ક્ષેત્રોમાં ફોજદારી કેસ અંગેની પ્રક્રિયાઓને ટાળવા ૧૦ કાયદા બદલાવાની તૈયારીઓ કરી રહી છે. જેને લઈ રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા વિધાનસભાના ચોમાસુ સત્ર દરમ્યાન જ જ વિશ્વાસ વિધેયક રજૂ કરશે. આ સુધારાને કારણે સામાન્ય બાબતો થતા ફોજદારી પ્રક્રિયાઓમાં હૈંઈ ને બદલે સીધા જ દંડાત્મક કાર્યવાહી અને માંડવાળ કે સમાધાન જેવી વ્યવસ્થા અમલમાં આવશે.

હાલમાં ઈન્ડસ્ટ્રીયલ રિલેશન એક્ટ, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, કારખાના અધિનિયમ, બોઈલર એક્ટ, ગુમાસ્તા ધારા, લેબર વેલફેર એક્ટ, લઘુત્તમ વેતન ધારો, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અધિનિયમ સહિત ૧૦ જેટલા કાયદા અને તેના નિયમોમાં ફેરફાર કરવા માટે વિવિધ સ્તરેથી પરામર્શ થઈ રહ્યો છે. આ ફેરફારથી નાની ભૂલો માટે કાનૂની મુશ્કેલીઓનો ભય દૂર થશે અને રોકાણકર્તાઓ માટે પણ પ્રોત્સાહન મળશે. ખાદ્ય સલામતી અને પર્યાવરણ સુરક્ષાના કાયદાથી લઈ શહેરમાં કચરો ફેંકવા મુદ્દે ફોજદારી ગુના નોંધાય છે. જો કે, તેમાં સામાન્ય રકમની દંડાત્મક જ કાર્યવાહી થાય છે. આથી, આવી નાની બાબતોમાં ફોજદારી પ્રક્રિયા ને બંધ કરવા કાયદામાં સુધારા નો પ્રસ્તાવ છે.

અત્યારે બોઈલર એક્ટના નિયમો, વીજળીના બિલની ચુકવણી માં વિલંબની સ્થિતિમાં ઔધોગિક એકમો સામે ફોજદારી કાર્યવાહી છે. આ પ્રકારના કિસ્સામાં કંપનીના માલિક, મુખ્ય અધિકારી કે બોર્ડ ઓફ ડિરેક્ટર અકસ્માત કે આગ લાગવાના સમયે દેશમાં હાજર ન હોય તો પણ FIR થાય છે. આમ, તેની સીધી સંડોવણી ન હોય ત્યાં પ્રોસિડિંગ ને કારણે કોર્ટ પરનું ભારણ, સમયનો વ્યય અને ભયની સ્થિતિને નિવારવા જ્યાં પહેલાથી જ દંડ છે ત્યાં દંડાત્મક વલણ અને માંડવાળી થી રાહત થશે.

ખાસ તો અકસ્માત સમયે કર્મચારીઓ અને ફેક્ટરીમાં થતા નુકસાનને બચવાની જગ્યાએ પોતાને કઈ રીતે બચાવવા તેનું ટેન્શન મોટું થઈ જતું હોય છે. આ બાબતની વિવિધ ઉદ્યોગ અસોસિએશનો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી.

# દહેજની શિવા ફાર્મા કંપનીમાં રિએક્ટરમાં ધડાકો થતા બે કામદારોના મૃત્યુ

દહેજ ખાતે કાર્યરત શિવા ફાર્મા કેમ કંપનીના એસિડ ક્લોરાઈડ પ્લાન્ટમાં તારીખ ૨૬ મી જુલાઈ શનિવારની નાઈટ શિફ્ટમાં રાત્રીના ૨:૪૦ વાગ્યાના અરસામાં ઉત્પાદનની પ્રક્રિયા સમયે રિએક્ટરમાં ધડાકો થતા કંપનીમાં કામ કરતાં ત્રણ કામદારો ગંભીર રીતે દાઝી ગયાં હતાં. તેમને તાત્કાલિક સારવાર માટે વડોદરા ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જો કે, તે પૈકીના બે ના મોત થયા છે.

પ્લાન્ટ કાર્યરત હતો ત્યારે રિએક્ટર કોલમમાં ઓવર પ્રેશર થવાને કારણે બ્લાસ્ટ થયો હતો. રિએક્ટરમાં એસિડ અને ગેસનું દબાણ થતાં તે ફાટતાં તેમાંનું કેમિકલ ચારેય તરફ ફેલાયું હતું. દરમિયાનમાં ત્યાં નજીકમાં નાઈટ શિફ્ટમાં કામ કરતાં ત્રણ કામદારો અર્જુન પરબતભાઈ પટેલ, પ્રવિણ મનસુખભાઈ પરમાર તેમજ શૈલેન્દ્રસિંહ યાદવ ગંભીર રીતે દાઝી ગયાં હતાં. તેમને અત્યંત નાજુક હાલતમાં તાત્કાલિક સારવાર માટે વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તે પૈકીના અર્જુન પટેલ તેમજ પ્રવીણ પરમાર નું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનો પણ તુરંત હોસ્પિટલ ખાતે પહોંચી ગયાં હતાં. જ્યાં સ્વજનોના મૃતદેહને જોઈને પરિવારજનોના આક્રંદ થી આખી હોસ્પિટલનું વાતાવરણ ગમગીન બની ગયું હતું.

બનાવને પગલે દહેજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કંપનીમાં બ્લાસ્ટ થવાની ઘટનાની જાણ થતાં ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગની ટીમ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી. એક તરફ ફાયર વિભાગની ટીમ બ્લાસ્ટ પછી તમામ સ્થિતિ ને કાબુમાં લેવાની કવાયત હાથ ધરી હતી. ત્યાં સેફટી વિભાગે ઘટનાને લઈને કંપનીને તાત્કાલિક ક્લોઝર નોટિસ ફટકારી હતી. તેમજ એફએસએલ ટીમની મદદથી ઘટના બનાવવાનું ચોક્કસ કારણ જાણવાની કવાયત હાથ ધરી હતી.

## બે મૃતકના પરિવારોને રૂપિયા ૬૦ લાખનું વળતર ચૂકવાયું



દહેજની શિવા ફાર્મા કેમમાં શનિવારે રાત્રે એસિડ ક્લોરાઈડ પ્લાન્ટમાં રીએકટરમાં ધડાકો થતા મલાડ ગામના અર્જુન પરબતભાઈ પટેલ અને પાલડીના પ્રવિણ મનસુખભાઈ પરમાર નું મૃત્યુ થયુ હતુ. વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણા, જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણા, પ્રાંત અધિકારીના પ્રયાસથી કંપનીએ મૃતકના પરિવારને ૬૦ લાખનું વળતર ચુકવ્યુ છે. તેમજ જ બાળકોના શિક્ષણ અને આરોગ્યની જવાબદારી ઉઠાવી છે. આજે ડિસ્ટ્રીકટ બેંક ખાતે અરૂણસિંહ રણા, કંપનીના અધિકારીઓ, સિદ્ધાર્થ રાણાની ઉપસ્થિતિમાં કર્મચારીના પરિજનોને વળતરનો ચેક આપ્યો હતો.

# રાજ્યમાં પંદર મોટા એકમોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટી. અપાયા

રાજ્યની ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના અંતર્ગત વધુ ૧૫ મોટા એકમોને મંજૂરી અપાઈ છે. આ નવા એકમો દ્વારા રૂપિયા ૧,૦૮૬.૮૬ કરોડનું મૂડીરોકાણ આવવાની તથા ૩,૬૯૭લોકોને રોજગારી મળવાની સંભાવનાછે. આ મંજૂરી દ્વારા અમદાવાદ જિલ્લામાં ઓટો સેક્ટર તથા પ્લાસ્ટિક સેક્ટરમાં રૂપિયા ૪૫૯.૫૪ કરોડ, પંચમહાલમાં ઑટો સેક્ટરમાં રૂપિયા ૪૬.૩૩ કરોડ, પાટણમાં પ્લાસ્ટિક સેક્ટરમાં રૂપિયા ૫૬.૯૭ કરોડનું, મહેસાણામાં ઑટો ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરમાં

રૂપિયા ૪૬.૩૩ કરોડ, મોરબીમાં સિરામિક સેક્ટરમાં રૂપિયા ૬૨.૫૧કરોડનુંતથા વડોદરામાં ઑટો ઈન્ડસ્ટ્રીઝમાં તથા મેટલ સેક્ટરમાં રૂપિયા ૨૨૪.૦૩ કરોડનું મૂડીરોકાણ આવશે. આ ઉદ્યોગોને યોજના અનુસાર નેટ એસ જીએસટીની સહાય આપવામાં આવશે.

ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત ના અધ્યક્ષ સ્થાને મળેલી મોટા ઉદ્યોગો અને ફાઈનલ એલિજિબિલિટી પ્રમાણપત્ર આપવા સંદર્ભે સમિતિની મળેલી બેઠકમાં આ ૧૫ ઉદ્યોગોને સહાય માટે મંજૂરી અપાઈ હતી.

રાજ્યમાં અત્યાર સુધી કુલ રૂપિયા ૧.૪૮ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ઉદ્યોગોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અપાયા છે. આ બેઠકમાં મહેસૂલ એસીએસ ડૉ. જયંતિ રવિ, પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ સંજીવકુમાર, આર્થિક બાબતોના સચિવ આરતી કંવર, ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપ વગેરે પણ હાજર રહ્યા હતા.

# ભારત-બ્રિટન મુક્ત વ્યાપાર કરારથી ફાર્મા સેકટરને અનેક આશાઓ

કોર્પોરેટ જગતને આશા છે કે ભારત - બ્રિટનવચ્ચે મુક્ત વ્યાપર કરારને લઈને ગુજરાતના ફાર્મા સેકટર માટે ઉજ્જવળ તકો ઉભી થશે . ભારતમાંથી દવાઓની નિકાસ વધશે તથા ભારતમાં કોન્ટ્રાક્ટડ્રગ મેન્યુફેકચરિંગ ઉદ્યોગને ડ્યૂટી ફ્રી શરતના પગલે બ્રિટનની કંપનીઓ સાથે સહયોગ વધારવા માટે તકો મળશે. બંને દેશો વચ્ચેનો આ ઐતિહાસિક કરાર ભારતના ફાર્માસ્યુટિકલ નિકાસવધારવામાં ઉપયોગી થશે.

મધ્ય ગુજરાતના ફાર્મા સેકટરે આ કરારને આવકાર્યો છે. વડોદરા ફાર્માસ્યુટિકલ્સ એસોસિએશનના પ્રમુખ ભરતદેસાઈએ જણાવ્યું હતું કે, ડ્યૂટી શૂન્ય થતાં આગામી સમયમાં કોન્ટ્રાક્ટ મેન્યુફેકચરિંગ ક્ષેત્રે વધુ લાભ મળી શકશે. બ્રિટીશ કંપનીઓ પણ ગુજરાતમાં હવે કોન્ટ્રાક્ટમેન્યુફેકચરિંગ માટે આગળ આવશે. જેના પગલે કંપનીઓની વૈશ્વિક પહોંચ પણ વિસ્તરશે. બલ્કડ્રગ એક્સપોર્ટ્સ અને કોન્ટ્રાક્ટ ડેવલપમેન્ટ એન્ડ મેન્યુફેકચરિંગ ઓર્ગેનાઈઝેશન્સ સર્વિસીસને પણ ફાયદો થશે. એકટિવ ફાર્મા.ઈન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઈ), બલ્ક ડ્રગ્સ અને ફિનિશ્ ફોર્મ્યુલેશન્સસ ક્ષેત્રે ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો જોવા મળશે.ઘણા ભારતીય જેનેરિક મેન્યુફેકચરર્સ કે જેઓ ઓછા નફાના ધોરણે કાર્યરત છે તેમને નવી જોગવાઈથી ફાયદો થશે.

૨૦૨૪માં ભારતમાંથી બ્રિટનમાં ૯૧૪ મિલિયન ડોલરની એપીઆઈ અને ફોર્મ્યુલેશન્સની નિકાસ થઈ હતી. ભારતમાં ગુજરાત ફાર્મા નિકાસમાં અગ્રેસર રાજય છે.હવે મુક્ત વ્યાપાર કરારથી નિકાસનો આ આંકડો ગણનાપાત્ર રીતે વધશે. દવાના સંશોધનક્ષેત્રે પણ સહયોગ વધશે. ગ્લોબલ ક્લિનિકલ અને કોમર્શિયલ ડ્રગ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં રોજગારીની તકો વધશે. યુકેમાં ફાર્મા ખરીદી સરકાર હસ્તકની નેશનલ હેલ્થ સર્વિસિસ દ્વારા થાય છે. બીજી તરફ બ્રિટનથી ભારતમાં આવતા ચિકિત્સા ઉપકરણો પણ હવે વધુ પ્રમાણમાં આવશે તેમ મનાય છે. મધ્ય - દક્ષિણ ગુજરાતના અગ્રણી ફાર્મા કંપનીઓ બ્રિટનમાં તેમના ઉત્પાદનોની નિકાસ કરે છે.

# ગુડલક મેટાલિક્સ ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તેના પ્લાન્ટનું વિસ્તરણ કરશે

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના સિકરા ગામે કાર્યરત ગુડલક મેટાલિક્સ તેના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહી છે. કંપનીનો પ્લોટ વિસ્તાર ૨૧.૪૯૪૩ હેક્ટર છે. કંપની ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે વિસ્તરણ કરનાર છે.

કંપની સ્ટીલ ટ્યૂબ અને પાઈપ 72,000 TPA થી ઉત્પાદન ક્ષમતા વધારીને 4,92,000 TPA, ફબ્રિકેટેડ અને પેઈન્ટેડ સ્ટ્રચર 18000 TPA થી વધારીને 90000 TPA સુધી વિસ્તરાસન તેમજ હાલના 72000 TPA કંટીન્યુસ ગેલવેનાઈઝ સહિત અને 48000 TPA સ્ટીલ ટ્યુબ પાઈપ્સ સાથે 20,000 TPA ના નવા કોઈલ પીકલિંગ એકમની સ્થાપના કરવામાં આવશે.


TRA
T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

Govt. Approved
PERFECT SCALE SINCE - 1988
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

YATHARTH
YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com
THERMAX (Vender)

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002